**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એન.આર.વઘવાણી સાહેબ સમક્ષ**

**રેફરન્સ (T) નંબર : ૬૨૫/૨૦૨૦**

આંક–

પ્રથમ પક્ષકાર : મેનેજર–શ્રીજી એલોઈઝ
હે. પ્લોટ નં.૮, રામદેવ એસ્ટેટ,
જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ.

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : છોટેલાલ લાલચંદ વિશ્વકર્મા
C/o, નવજાગ્રત લેબર યુનિયન
૧૮, મંજુરખાનની ચાલી, રામનગર,
ભીલવાડા, અમરાઈવાડી, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : શ્રી. સંજય પંચાસરા.
બીજા પક્ષકાર તરફે : શ્રી. એ.આર.મીશ્રા.

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે "**સામાવાળા**" અને "**અરજદાર**" તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદમાં મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ દવારા અરજદારને સીધી મજૂર અદાલતમાં ફરીયાદ કરવાનુ જણાવતાં અરજદારે હાલનો આ રેફરન્સ કેસ ઉપસ્થિત કરેલ છે અને તે અન્વયે અરજદારે માંગણાનુ નિવેદન રજૂ કરેલ છે.

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ. સદરહું કેસનુ રેકર્ડ વંચાણે રાખેલ છે. હાલના કામે અરજદાર પક્ષ તરફે વીડ્રો પુરસીશ રજુ છે. જે વંચાણે રાખી. પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે, જે રાજીખુશીથી થયેલ છે. તે બાબતે આંક–૦૯ થી સમાધાનની શરતો રજુ કરેલ છે. જે સમાધાન મુજર હવે અરજદાર કેસ ચલાવવા માંગતા નથી. જેથી રેફરન્સ કેસ પાછો ખેંચવા વીડ્રો પુરસીશ રજુ કરેલ છે. જેથી હાલનો કેસ સદર વિડ્રો પુરસીશ મુજબ લોક–અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૦૯/૧૨/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વઘવાણી)
CODE : GJ01368
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.